'સંસાર અને ધર્મ'નું અનુશીલન

ખંડ પહેલો

૧. તત્ત્વજ્ઞાનના મૂળ પ્રશ્નો

આ લેખ એક ભાઈના પ્રશ્નનો ઉત્તર આપવાની દૃષ્ટિથી લખાયેલો છે, પણ વસ્તુતઃ તે સ્વતંત્ર લેખ જ છે. તત્ત્વજ્ઞાન કોણ શોધી, ચલાવી કે વધારી શકે? તત્ત્વજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન વચ્ચે શું શું સરખાપણું છે અને ક્યાંથી કેવો ભેદ દેખાય છે? તત્ત્વજ્ઞાનની શોધમાં વાદો ક્યાં સુધી સાધક થાય છે અને ક્યારે બાધક થાય છે? સત્યનો શોધક વાસનાનું નિયમન કરે કે તેનો ઉચ્છેદ કરે કે તેને વિશુદ્ધ કરે? ઇત્યાદિ પ્રશ્નોની સચોટ સમજણ અને છણાવટ આપી છે અને કરી છે. જગતદુઃખવાદીઓએ જગતને દુઃખરૂપ કહ્યું છે, જેમ કે સાંખ્ય, બુદ્ધ આદિએ. પણ એ દુઃખરૂપતા એકાન્તિક નથી અને છે તે અપેક્ષાએ છે એ બહુ સ્પષ્ટતાથી આ લેખમાં સમજાવ્યું છે. ખરી રીતે જેણે જેણે જગતને દુઃખમય કહ્યું છે તે બધાએ એક શરત મૂકી છે અને તે શરત તૃષ્ણાની. જો તૃષ્ણા હોય તો સર્વત્ર દુઃખ જ ભાસવાનું. જ્યાં સુખ હોય ત્યાં પણ તૃષ્ણા આવી કે તે પ્રતિકૂલવેદનીય બની જવાનું, परिणामतापसंस्कारः—એ યોગસૂત્રમાં દુઃખનું કારણ તૃષ્ણાને જ કહેલું છે. જેણે વાસનાજય કે તૃષ્ણાજય કર્યો તે બુદ્ધ કે બીજો ગમે તે હોય અને છતાંયે તેને પોતાને દુઃખ ભાસે કે અનુભવાય તો તત્ત્વજ્ઞ, સાધક કે યોગી થવામાં શો લાભ? આથી સિદ્ધ છે કે એવા લોકો દુઃખી ન હતા; સદા સુખી અને સંતુષ્ટ હતા. જગતમાં આપણી પેઠે જીવેલા પણ ખરા. એ જગતે એમને દુઃખ કેમ ન આપ્યું? ઉત્તર એક જ કે તૃષ્ણા ન હતી. અને તૃષ્ણા ન છતાં તેમનું જીવન પણ દુઃખસંતપ્ત હોત તો તેઓ તૃષ્ણાત્યાગનો ઉપદેશ કરવાને બદલે જીવનનો અંત જ આણવા કહેત. એટલે શ્રી. મશરૂવાળાએ જગતની સુખદુઃખરૂપતા વિશે લેખમાં જે કહ્યું છે તે યથાર્થ છે. વિવેકીને બધું દુઃખરૂપ છે એનો અર્થ એટલો જ કે જે તૃષ્ણા—અતૃષ્ણા વચ્ચેનું અંતર જુએ છે અને ઉભયજન્ય પરિણામો નિહાળે છે તે તૃષ્ણાકોટિમાં આવતી સમગ્ર વસ્તુઓ, પછી ભલે તે ગમે તેવી સુખરૂપ ભાસતી હોય, તેને દુઃખરૂપ લેખે છે, અર્થાત્ તે વિવેકી તૃષ્ણા ન હોય ત્યારે પ્રકૃતિથી પર બનવાને લીધે પ્રાકૃત આઘાતોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુઃખરૂપ નથી લેખતો. આવો વિવેકી પણ આગમાં શૈત્યનો કે બરફમાં આગનો અનુભવ નથી કરતો. તેની ઇન્દ્રિયો અન્યની પેઠે છે તે રૂપે જ વસ્તુને અનુભવે છે. પણ એમ બને કે એક અવિવેકી આગ, ઝેર કે શૂળીથી પ્રતિકૂલ વેદના થતાં જ જીવનમોહને લીધે હાયહાય પોકારી ઊઠે; જ્યારે વિવેકી એ પ્રતિકૂળ વેદના અનુભવવા છતાં મન ઉપર એટલો કાબૂ રાખે કે તેથી તેની પ્રસન્નતામાં ફેર ન પડે. સૉક્રેટિસને ઝેર તો કડવું જ લાગેલું, એનો કેફ પણ ચડેલો, પણ કોઈ ઉચ્ચ સિદ્ધાન્ત અને આદર્શના પાલનની ખુમારીમાં તેને એ દુઃખ સહ્ય બનેલું. એ જ વાત ક્રાઇસ્ટ અને બીજાને લાગુ પડે છે. સુખદુઃખ એ માનસિક સંવેદન છે. મનને જેવું ઘડયું હોય તે પ્રમાણે છેવટની અસર થાય. એટલે જગતની સુખ કે દુઃખરૂપતા માનસિક ઘડતર પર અવલંબિત છે. જગત પોતે નથી સુખરૂપ કે દુઃખરૂપ. એ તો અવ્યક્ત અને અવક્તવ્ય જેવું છે. જીવનની ધારામાં અનેક સ્થૂળ-સૂક્ષ્મ તત્ત્વોનો સમાવેશ છે. તેમાંથી કોઈ એક અંશને પૂર્ણ જીવન માની પૂરા જીવનની વ્યાખ્યા કરી ન શકાય. વળી, વ્યાખ્યા પણ અધિકારી પ્રમાણે જ થાય છે.

આ લેખ જેટલો સુસ્પષ્ટ છે તેટલો જ સુપઠ અને ભ્રમનિવારક હોઈ પ્રથમથી અંત સુધીના તત્ત્વજિજ્ઞાસુને માટે ઉપયોગી છે. તે સ્ફૂર્તિ આપે છે ને નિરાશા નિવારી પુરુષાર્થ પ્રેરે છે.

૨. જીવનનો અર્થ

જીવનનો અંતિમ ઉદ્દેશ શો છે? તેનો ઉત્તર કલ્પનાઓથી અનેક રીતે અપાયો છે. એનો અનુભવ હોત તો મતભેદ ન હોત. તેથી જીવનનો અર્થ શો છે એ જાણવા કરતાં જીવન શું છે અને તે કઈ રીતે જીવી શકાય —બીજાની સુખ–સગવડને ખલેલ ન પહોંચે એમ કેવી રીતે જીવી શકાય—એ જ જાણવું હિતાવહ છે; તે શકય પણ છે. જે વસ્તુને લેખક સંયમ અને વિવેક કહે છે તેને એક શબ્દમાં વર્ણવવી હોય તો જીવનકલા શબ્દથી વર્ણવી શકાય. જીવનકલાનો અર્થ સ્થૂળ નથી, પણ બહુ સૂક્ષ્મ અને વ્યાપક છે. જેમ જીવનકલામાં પોતાના જીવનની સલામતી તેમ અન્યના જીવનની પણ સલામતી સમાય છે. એમાં નથી ભયને કે કાર્પણ્યને સ્થાન; એમાં તેજસ્વી પુરુષાર્થ અને કરુણાવૃત્તિ આવે છે. એટલે સંક્ષેપમાં કઈ રીતે જીવન જીવવું એ ઠીકઠીક જાણ્યું હોય તો જીવનનો અંતિમ હેતુ (જો તે હશે તો) આપોઆપ જણાઈ જશે. જીવન સાથે જ જિજ્ઞાસા, કલ્પના, સર્જકતા, સંકલ્પશક્તિ અને શ્રદ્ધાળુ આશા—એ પાંચે સિદ્ધિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યને પ્રાપ્ત છે. જેમ શારીરિક તેમજ માનસિક જીવન પણ ન વેડફાય, એ કલા સિદ્ધ કરવાની રહે છે. માનસિક જીવન વેડફાતાં શારીરિક જીવન વેડફાય જ છે અને માનસિક જીવનને વેડફ્યા વિના—એને સુરક્ષિત રાખીને—શારીરિક જીવન વેડફી પણ ન શકે. તેથી બંને જીવનનો સુસંવાદ સાધવાની કલા એ જ જીવનકલા છે. દરેક સંત કે સાધકે એ જ કલા ખીલવી હોય છે. પછી એ પ્રશ્ન બહુ મહત્ત્વ નથી ધરાવતો કે જીવનના મૂળમાં શું છે અને તે ક્યાં જઈ થંભે છે અથવા તેને અંતે શું છે? આ પ્રશ્ન અનાદિત્વ અને અનંતત્વનો હોઈ જ્ઞાન-મર્યાદાની બહારનો પણ હોઈ શકે, પણ જીવનકલાનો પ્રશ્ન મધ્યકાલનો છે, તેથી તે એક રીતે સાદિ–સાન્ત છે. પણ એના સાદિ-સાંતપણાનો ઠીકઠીક સમાધાનકારી ઉકેલ મળે તો પેલા અનાદિ–અનંત પ્રશ્નનો પણ ઉકેલ ક્યારેક આવી જ જાય. આ લેખનું ઉત્થાન વિનોદી રીતે થયું છે, પણ તે ઉત્તરોત્તર અનુભવ-મૂલક હોવાથી લેખ અંતે ગંભીરતામાં જ સરતો જાય છે અને છેવટે બુદ્ધિ અને હૃદયને સ્પર્શે છે.

૩. સંસારમાં રસ

'સંસારમાં રસ' છે તે અનિવાર્ય છે. એને વિશુદ્ધ અને વિકસિત કરવો એટલું જ આપણાથી શક્ય છે. એનો ઉચ્છેદ શક્ય નથી. જો આ સાચું હોય તો જે સામાન્ય રીતે સંસાર ગણાય છે તે ઉપરાંત વ્યાપક સંસાર વિશેની દૃષ્ટિ જીવનકલા દરમ્યાન જ કેળવવી જોઈએ. એ કેળવણીથી અનેક-જીવનવ્યાપી અને દેશકાલની વિસ્તૃત મર્યાદાવાળી જીવનદૃષ્ટિ ઘડાવાની. એમ થતાં માત્ર વર્તમાન અંગત જીવનમાં જે રાગ કે રસ છે તે ફેલાઈ વધારે સૂક્ષ્મ અને વ્યાપક થવાનો. એની સઘનતા ઘટતાં જ એનું બંધક તત્ત્વ ઓસરવાનું. એ રીતે એનો રસ સહજ રીતે જ પોષાવાનો અને વધવાનો અને છતાં એ સંકીર્ણ અર્થમાં રસ ઉપરથી વૈરાગ્ય પણ સધાવાનો. સારાંશ કે 'સ્વ'માં વધારે 'પર' સમાતાં તે 'સ્વ' વિસ્તૃત બનવાનો અને સ્વ–પરનું અંતર નહિ રહેવાનું. એ જ સંસારમાં રસની વૃદ્ધિ અને શુદ્ધિ છે.

૪. જીવનમાં મૃત્યુનું સ્થાન

જેમ 'સંસારમાં રસ' એ લેખમાં વૈયક્તિક જીવનમાં પૂરી થતી સંકીર્ણ દૃષ્ટિને વિસ્તારવાની અને વિશાળ તેમ જ વિશાળતર જીવનને સ્પર્શવાની સૂચના છે, કે જે સૂચના એક તરફથી વૈરાગ્યનો ખુલાસો કરે છે અને બીજી તરફથી સંસારના રસને પુષ્ટિ આપે છે, તે જ રીતે 'જીવનમાં મૃત્યુને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાન ' આ લેખ પણ વિશાળ જીવનની દૃષ્ટિએ મૃત્યુની ઉપકારકતા, આવશ્યકતા અને અનિવાર્યતા વર્ણવે છે. એ દેખીતું નિરાશા અને શોક-જનક મરણ પણ વસ્તુતઃ તેવું નથી; ઊલટું, તે વિશાળ જીવનને વિકસવાનો તેમ જ વ્યવસ્થિત ચાલવાનો રસ્તો મોકળો કરે છે. આ વસ્તુ બિલકુલ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં અનુભવસિદ્ધ જ લાગે છે. ખરી રીતે ' સંસારમાં રસ ' અને ' જીવનમાં મૃત્યુનું સ્થાન ' એ બન્ને મુદ્દાઓ પાછળ એક જ દૃષ્ટિ રહેલી છે, અને તે એ કે વૈયક્તિક તેમ જ સંકુચિત જીવન પૂરતી પોષાયેલી અને પોષાતી દૃષ્ટિને વિસ્તારવી અને અન્ય જીવન સાથે તેનો અભેદ અથવા સુમેળ સાધવો. ધર્મદૃષ્ટિ કે તત્ત્વદૃષ્ટિ આવા વિશાળ જીવનના અર્થમાંથી જ સ્ફુરે છે. વિશાળ જીવનનો અર્થ અને તેનો વૈયક્તિક જીવન સાથે મેળ અથવા તો સમષ્ટિ-જીવનથી વ્યષ્ટિજીવનની અભિન્નતા અને અભેદમૂલક પરિણામો ન સમજાય ત્યાં લગી સંસારમાં સદા વૈરાગ્યપૂત રસ અને મૃત્યુ–નિર્ભયતા આવે નહિ. વૈરાગ્ય એટલે વૈયક્તિક તૃષ્ણાનો વિલય કરી સર્વ સુખ માટે તેમ જ વિશાળ જીવનના વિકાસ માટે રસ કેળવવો અર્થાત્ તૃષ્ણાનું વ્યાપક અને શુદ્ધ ઊર્ધ્વી-કરણ કરવું. એ જ રીતે મૃત્યુ નિર્ભયતા એટલે વિશાળ જીવનને ઉપકારક થવાની અગર તેની સાથે સુમેળ સાધવાની હોંશ અને તમન્ના. જેમ એકલો બ્રહ્મચારી સ્વપ્રવૃત્તિમાં સંતુષ્ટ હોય અને પછી તે બુદ્ધિપૂર્વક ગાર્હસ્થ્ય સ્વીકારે ત્યારે બ્રહ્મચર્યાશ્રમ પૂરતું તેનું મરણ પણ વસ્તુતઃ ગાર્હસ્થ્ય–જીવનનું ઉપકારક હોઈ અનેકનાં જીવન સાથે સુમેળ સાધે છે અને તેથી તે બ્રહ્મચર્યાશ્રમનો પરિત્યાગ દુઃખદ નથી લેખાતો, ઊલટું વધાવી લેવાય છે, તેમ જ મૃત્યુનું છે. બીજી રીતે કહીએ તો ઘરે બેસી કમાતો માણસ વધારે કમાવા પ્રવાસ કરે ત્યારે તેનો પ્રવાસ મૂળ હેતુનો સાધક હોઈ આવકારદાયક બને છે; તેમ મૃત્યુ વિશે છે.

આવી વિશાળ દૃષ્ટિ કેળવવી એ જ લેખનો આશય છે. જો આવી દૃષ્ટિ કેળવવી હોય તો વાસનાઓને વધારે શુભ અને શુદ્ધ કરવી જ જોઈએ. એમ થયું એટલે આંતરજગત બદલાયું. એને જ સ્વર્ગ માની જૂના અર્થો નવેસર ઘટાવવા.

૫. મૃત્યુ પર જીત

સાર્વજનિક કલ્યાણ, જે મહાયાનની ભાવનારૂપ છે અને જે દીર્ઘકાળે જ સિદ્ધ થઈ શકે અને જે એકલે હાથે કે એક જ જન્મમાં સિદ્ધ થઈ ન શકે, તેને જ શ્રેય માનવાની વ્યાપક દૃષ્ટિ પ્રકટી હોય ત્યારે મરણને જીતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય છે, જીવન અને મરણ સમ થઈ જાય છે, કારણ કે તે સમજે છે કે જીવીને સાધતો હતો તે મરીને પણ સાધીશ અને મરણ એ બીજાઓમાં વધારે પ્રેરણા મૂકશે. સાર્વજનિક કલ્યાણની સિદ્ધિ તો અનેકને હાથે જ થવાની, એટલે બીજાઓમાં તે માટેની પ્રેરણા જન્મે એ પણ જીવીને કરવા બરોબર જ છે. વળી વૈયક્તિક પુનર્જન્મ હોય તોપણ તે મરીને ફરી ફરી એ જ કરવાનો છે.

આ લેખમાં જલકણ, નાળા અને ગંગાનો જે સંબંધ વર્ણવ્યો છે, ગંગાના પ્રવાહની અખંડતા અને શાશ્વતતા માટે જે જલકણ અને નદીનાળાંનો ભોગ અપાતો વર્ણવ્યો છે તે દૃષ્ટાન્ત અતિ મનોરમ અને મૂળ મુદ્દાનું સમર્થક છે. અલબત્ત, લેખક વૈયક્તિક મોક્ષ અને પુનર્જન્મ પર ભાર ન આપતાં સામૂહિક મોક્ષ અને પુનર્જન્મ ઉપર જ ભાર આપે છે; પણ વૈયક્તિક મોક્ષ અને પુનર્જન્મ માની લઈએ તોપણ તે માન્યતાવાળો સાચો સાધક જીવનમરણમાં સમતોલ રહી શકે છે. બુદ્ધ અને મહાવીર એ તેવા મોક્ષ અને પુનર્જન્મમાં માનતા અને છતાં તેમને મરણમાં જીવન જેટલી જ શાંતિ હતી. મરણ અનિવાર્ય છે એમ સમજી જેણે જીવનનો સફલ ઉપયોગ કર્યો હોય અને વાસનાજય કર્યો હોય તે વ્યક્તિ સામૂહિક કલ્યાણની દૃષ્ટિએ કે વૈયક્તિક કલ્યાણની દૃષ્ટિએ પ્રયત્ન કરનાર હોય તોપણ સર્વત્ર જીવનમરણમાં સમ રહી શકે અને મૃત્યુંજય સાધી શકે.

'आपूर्यमाणमचलप्रतिष्ठं' એનો ભાવ લેખકે પોતાની તત્ત્વદૃષ્ટિ પ્રમાણે અતિ અદ્ભુત રીતે બતાવ્યો છે. પણ તેનો ભાવ વૈયક્તિક મોક્ષની દૃષ્ટિએ પણ ઘટાવી શકાય. વસ્તુતઃ લેખકની દૃષ્ટિ મહાયાની જ છે. એ દૃષ્ટિએ જ બધા પ્રશ્નોનું નિરાકરણ તે કરે છે.

૬. જીવન સુખમય કે દુઃખમય

આ લેખમાં 'જીવન સુખમય કે દુઃખમય' એ પ્રશ્ન પર વિચાર દર્શાવતાં છેવટે વિવેક અને પુરુષાર્થની હિમાયત કરી છે. જેણે જગતને માત્ર દુઃખરૂપ માન્યું છે તેણે પણ એ જ વાત પ્રતિપાદી છે કે વિવેક અને પુરુષાર્થ સેવવા—વધારવા. જેણે સુખરૂપ બ્રહ્મ હોવાથી જગતને પણ સુખરૂપ જ માન્યું છે અને દુઃખને માત્ર આભાસ માન્યું છે તેણે પણ એ જ વાત કહી છે. સુખ અને દુઃખ બન્નેને જગતમાં માનનાર પણ એ જ વાત કહે છે. એટલે આ લેખમાં તત્ત્વતઃ બહુ નવીનતા નથી; હોય તો દૃષ્ટાન્ત પૂરતી અવશ્ય છે. લપસણા

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

ઢાળનો અને હિમાલયનો દાખલો સમર્થક છે. તેથીયે વધારે સમર્થક તો ગરમ પાણીથી આગ ગરમ ન થાય ત્યારે ગરમ પાણીને ભાંડવાનો દાખલો છે.

દુઃખને નિવારવા મથવું અને સુખની સમૃદ્ધિ વધારવા યત્ન કરવો એનો અર્થ છેવટે તો એટલો જ છે કે આત્મા સુખસ્થિતિ જ પસંદ કરે છે—ભલે તે ઉત્તરોત્તર પ્રગતિશીલ હોય. અને દુઃખ નિવારવા મથે છે તેનો અર્થ સ્વગત વૈયક્તિક સ્થિતિને નિવારવા મથે છે એટલો જ થયો. અને તે જ સ્થિતિ સંસાર છે. એટલે જો દાર્શનિકોએ સંસારને દુઃખરૂપ કહ્યો હોય તો તે ખોટું નથી. એમણે સંસારમાં સુખનું અસ્તિત્વ કબૂલ્યું છે પણ તે સુખને દુઃખ કોટિનું માન્યું છે, કારણ કે તે સ્થાયી સંતોષ નથી આપતું. એટલે સ્થાયી સંતોષ કે વિકસતા સંતોષને જ દાર્શનિકોએ સુખ કહ્યું છે. કોઈએ એ જ વસ્તુને દુઃખાભાવરૂપે વિશેષ દૃષ્ટિએ વર્ણવી છે તો કોઈએ ભાવાત્મક સુખરૂપે. પણ આ વર્ણન તો મુક્તિદશાનું છે. સંસારદશામાં તો બધાએ સુખ અને દુઃખ મિશ્રિત જ માન્યાં છે. એમાં દુઃખભાવના કરવાનો ઉપદેશ વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે છે. એટલે તે ઉપદેશ કોઈ ભૌતિક સુખમાં પૂર્ણતા માની તેમાં રાચી રહેવાનો નિષેધમાત્ર કરે છે. વ્યવહારદશામાં સાપેક્ષ સુખ અને દુઃખનું અસ્તિત્વ બધા જ સ્વીકારે છે અને બધા જ વિવેક અને પુરુષાર્થ ઉપર ભાર આપે છે. અલબત્ત, આ ભાર આપવાની દૃષ્ટિ અત્યારે કર્મયોગમાં પણ ઘટાવી શકાય. પહેલાં તે ભક્તિ અને જ્ઞાનયોગમાં પણ ઘટાવાતી. સાર્વજનિક કલ્યાણને પરમ ધ્યેય અને શ્રેય માની તે માટે જ વિવેક અને પુરુષાર્થ સેવવો હોય તોપણ એ ઇષ્ટ અને શક્ય છે. ગમે તે સત્કાર્ય—પછી તે વૈયક્તિક હોય કે સામૂહિક હોય—તેમાં વિવેક અને પુરુષાર્થ આવશ્યક છે જ. લેખકે આ મુદ્દાનું વિશદીકરણ પોતની ઢબે કર્યું છે એટલું જ. એ વિશદીકરણ તાજગી તો આપે જ છે.

પરિશિષ્ટ પૃ. ૪૬.

'जग में जीना दो दिनका' આના ઉત્તરમાં લેખકે જે હિંદી ભજન રચ્યું છે તે ભારે આકર્ષક અને ગેય છે. ખરી રીતે બે દિવસનું જીવન એનો શબ્દાર્થ લેવાનો નથી, માત્ર અલ્પ જીવનને જ પૂર્ણ માની તેને સુખનું સાધન લેખનાર રાગી અને નાસ્તિકોને તે ભજન ચીમકી આપે છે અને સૂચવે તો એ છે કે શરીરજીવન એ શાશ્વત જીવનની સિદ્ધિઓ મેળવવાનું એક સાધન છે. એનો ઉપયોગ એ રીતે જ કરવો. માત્ર વર્તમાન સુખમાં મહાજીવનની સિદ્ધિઓ ન વીસરવી. બ્રહ્માનંદનો એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવ છે. એને બહુ યોગ્ય રીતે લેખકે નવા ભજનમાં સ્ફુટ કર્યો છે. બે દિવસનું જીવન એ કથનનો તાત્પર્યાર્થ જ્યારે નવા ભજનમાં બહુ ખૂબીથી વ્યક્ત થાય છે ત્યારે જૂના અને નવા ભજન વચ્ચે વિરોધ નથી રહેતો. પહેલાનો વ્યંગ્યાર્થ બીજાનો વાચ્યાર્થ બને છે. એટલું ખરું કે સ્થૂલદૃષ્ટિ લોકો 'બે દિવસનું જીવન' એટલા કથન ઉપરથી વર્તમાન જીવન પ્રત્યે વૈરાગ્ય કે ઉદાસીનતા કેળવે તોયે તેમાં સામષ્ટિક જીવનનું કલ્યાણ સાધવાની સ્ફૂર્તિ નથી પ્રગટતી. જ્યારે નવું ભજન એવો સંસ્કાર ઊભો કરે છે કે તે એવી સ્ફૂર્તિ પ્રગટાવે. ખરી રીતે પ્રાચીન ઉદ્ગારોના ગૂઢ અર્થો ન સમજાયાથી જે દોષો ઉત્પન્ન થાય છે તે આવા સ્પષ્ટીકરણથી જ દૂર થાય. 'હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું' એ ઉદ્ગાર કેટલો અર્થવાહી છે! પણ તેનું લેખકે કરેલ ભાષ્ય ન હોય તો બહુ ન સમજાય; રૂપકથી આગળ ન વધી શકાય.

ખંડ બીજો

૧. અવતારભક્તિ

આમાં જે વિચાર મૂક્યો છે તે બહુ કામનો છે. અવતાર અને ગુરુભક્તિને નામે જે વિકૃતિઓ જામી છે તેનું નિવારણ થવું જ જોઈએ. અને આ લેખ તે માટે બહુ ઉપયોગી છે. જ્યાં દેખો ત્યાં અવતાર અને ગુરુભક્તિને નામે સંપ્રદાયો ચાલે જ છે. ખૂબી તો એ છે કે એક સંપ્રદાય બીજાના અવતાર અને ગુરુને ભક્તિપાત્ર નથી લેખતો; જ્યારે બધા અત્યંત વિરોધી રૂપે પ્રવર્તે છે. આ લેખમાં બ્રાહ્મણમાનસની જે કલ્પનાચાતુરી, જે વિનોદક શૈલી અને જે રૂપકવર્ણનની હથોટીનો ઉલ્લેખ છે તે સાચો છે. આ લેખ સ્ત્રી-પુરુષ દરેકને—ખાસ કરી ભોળા શ્રદ્ધાળુને—માટે બહુ કામનો છે.

૨. બે દૃષ્ટિઓ

બે દૃષ્ટિમાં એક નૈગમ યા વ્યવહાર યા મિશ્રિત કે આરોપિત દૃષ્ટિ છે, જ્યારે બીજી શુદ્ધ અને નિશ્ચયદૃષ્ટિ છે. આરોપિત દૃષ્ટિ પ્રમાણે અવતાર અને ગુરુને પરમેશ્વર માનવામાં આવે છે. એનો મૂળ ઉદ્દેશ તો અવતાર અને ગુરુનું બહુમાન વધારવાનો અને ભક્તિ પોષવાનો છે, પણ અવિવેક ભળતાં જ તેનું પરિણામ અનિષ્ટ આવે છે. બહુમાન પામનાર અને બહુમાનનું ફળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગવનાર માન અને ભોગની લાલસામાં ભક્તોનું પતન નિહાળી નથી શકતા. ભક્તો પણ ગાડરિયા પ્રવાહથી વધારે ને વધારે પડતા જાય છે. તેથી જાગ્રત કરવા માટેની બીજી શુદ્ધ દૃષ્ટિ છે, જે એવા પતનથી બચાવે ખરી. ઇશ્વર કે ખુદા એ સાવ જુદી વસ્તુ છે એવું દૃષ્ટિબિંદુ ક્રિશ્ચિયન, મુસલમાન અને યહૂદીનું છે. જેઓ ઇશ્વરને સ્વતંત્ર વ્યક્તિ ન માનતાં માનવમાત્રમાં પ્રયત્ન-સાધ્ય ઈશ્વરત્વ માને છે તેઓ કોઈ ને અવતાર માને છે ત્યારે એનો અર્થ એટલો જ છે કે તેણે પ્રયત્નથી ઇશ્વરત્વ સિદ્ધ કર્યું. બીજા પણ તેમ કરી શકે. એટલે તેના પ્રત્યે બહુમાન વધે છે, પણ તે સીમિત નથી રહેતું. ગુરુને તો તેઓ ત્યાં લગી જ માને છે, જ્યાં લગી તેનામાં ગુરુયોગ્ય સદ્ગુણો હોય. એટલે ગુરુમાં ઇશ્વરત્વનો વારસો માનવાની ભૂલથી બચી જાય છે. ગુરુને ઇશ્વર જેવા માનવાને પરિણામે સર્વાર્પણની ભાવનામાંથી અનાચાર પોષાયો છે, એટલે એ દૃષ્ટિનું સંશોધન ઇષ્ટ છે.

અવતાર કે ગુરુમાં ઈશ્વરની માન્યતાનો જે લાક્ષણિક કે આલંકારિક અર્થ છે તે લેખકે બહુ સરસ રીતે સ્ફુટ કર્યો છે. કનક-સુવર્ણ અને જલ-સમુદ્રનાં દૃષ્ટાન્તો સમર્થક છે.

આ લેખમાં માન્યતા પાછળની દૃષ્ટિનું સંશોધન છે. તત્ત્વજ્ઞાન કે દૃષ્ટિ-સંશોધન આચાર ઘડે છે. આચારનું પીઠબળ જ એ છે. પણ એક વાર આચાર સ્થપાયા પછી તેની પ્રેરક દૃષ્ટિમાં ફરી કોઈ સંશોધન કરે ત્યારે નવા સંશોધન પ્રમાણે પુનઃ આચાર જલદી જલદી બદલાતો નથી. એટલે દૃષ્ટિમાં સંશોધનો થતાં રહે છે અને જૂની આચારપ્રણાલિઓ પણ ચાલુ રહે છે. તત્ત્વજ્ઞાન આગળ વધે છે અને આચાર પાછળ જ પડ્યો રહે છે. અદ્વૈતનું તત્ત્વજ્ઞાન ખરું, પણ જીવનમાં સ્પર્શાસ્પર્શનો આચાર માત્ર દ્વૈતપ્રધાન જ છે. અદ્વૈત વ્યવહાર વર્ણધર્મમાં નથી. એ સૂચવે છે કે આચારનું ખોખું જૂનું અને અદ્વૈત ભાવના પાછળની. અદ્વૈત ઉપર જ પ્રથમથી આચાર ઘડાયો હોય તો આવો સ્પર્શાસ્પર્શ આવી ન શકે. ભ્રાતૃભાવનો સિદ્ધાંત દલીલમાં છે. તન્મૂલક તેનો આચાર પણ પ્રથમથી જ છે. એ સિદ્ધાંત અને આચાર સાથે સાથે ચાલે છે, જ્યારે હિંદુ ધર્મમાં તેમ નથી. મૂર્તિમાં ઇશ્વરત્વ માનવાની વિરુદ્ધ દૃષ્ટિ નવા સંપ્રદાયો દ્વારા આવી, પણ સાધારણ સમાજ મૂર્તિ માનતો ન અટક્યો. **યત્ર** નાર્યસ્તુ પૂજ્યન્તે એ વિચાર ક્યારેક સ્થિર થયો, પણ વ્યવહારમાં નારીની અવગણના જ ચાલુ રહી. અવગણના નહિ તો તેનું ઊતરતું સ્થાન તો ખરું જ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાનતાનો વ્યવહાર સ્થપાયો નહિ. આ બધું સૂચવે છે કે વિચારો વિદ્યુત્-વેગે ગતિ કરે છે અને આચાર રગશિયા ગાડાને વેગે.

૩. ઉપાસનાશુદ્ધિ

આ લેખમાં સત્ય અને અવ્યભિચારિણી ભક્તિ ઉપર ભાર આપ્યો છે. ધાર્મિકતા માટે એ આવશ્યક છે. માત્ર ધર્મગ્રન્થોનું અધ્યયન કે પાંડિત્યપૂર્ણ અધ્યયન કે વિશાળ વાચન ધાર્મિકતા આણી શકતાં નથી. ઊલટું, એવી બહુશ્રુતત્વવૃત્તિ ધાર્મિકતાને રોકે પણ છે. ધાર્મિકતા એટલે ધર્મનિષ્ઠા; ધર્મ-નિષ્ઠા એટલે સદ્‌ગુણોની ખીલવણી અને કોઈ એક આદર્શ પ્રત્યે અનન્ય નિષ્ઠા. આ એક નિરાળી જ ભૂખ છે, જે અધ્યયનના ખોરાકથી સંતોષી ન શકાય. આવો અંગત અનુભવ છે જ.

લેખક જોકે હિંદુધર્મની ઉપાસનાને ખીચડી રૂપ કહી છે અને ઈસ્લા-મની ઉપાસનાને સચ્ચારિણી અનન્ય નિષ્ઠા કહી છે. એ વાત સાચી પણ છે. પરંતુ એમાં જ્ઞાન ન હોવાથી બંને દોષાવહ બને છે. ખીચડી ઉપાસના એટલે ફાવે ત્યાંથી લાભ ઉઠાવવા ફાવે તેને વળગવાની વૃત્તિ. અને એકનિષ્ઠ ઉપાસના એટલે એકને જ વળગવાની વૃત્તિ. આ બંનેમાં જો ચિત્ત જાગતું હોય ને વિવેક હોય તો બંને ગુણાવહ નીપજે. અનેક દેવોનો સમન્વય જ્ઞાનશુદ્ધ હોય તો મુસલમાનની પેઠે અન્ય પ્રત્યે અદેખાઈ કે દ્વેષ ન આવે. મુસલમાનોએ જ અન્ય દેવોનો ધ્વંસ કર્યો છે, તે અજ્ઞાનયુક્ત એકનિષ્ઠાને કારણે. જો ખરેખર તલસ્પર્શી જ્ઞાન હોય તો એકનિષ્ઠ ઉપાસના હોય કે બહુનિષ્ઠ ઉપાસના હોય તોય તે ઉદાત્ત બને. એટલે મારી દૃષ્ટિએ જો જરૂર હોય તો સમત્વ, ઉદારતા, ચિત્તશુદ્ધિ અને વિવેકની છે. માત્ર ખુદાનો ઉપાસક પણ જો તે શુદ્ધચિત્ત હોય તો ઇતર દેવો પ્રત્યે સહિષ્ણુ તો થવાનો જ. અને અનેક દેવોનો ઉપાસક પણ તેવો શુદ્ધચિત્ત હોય તો તે પણ આડે રસ્તે ન દોરાય કે કોઈને દોરે નહિ. ગાંધીજીના પ્રાર્થના શંભુમેળો હતી તેટલા-માત્રથી તે વ્યભિચારિણી હતી અને ઊલટું ઔરંગજેબની નમાજ અવ્યભિચારિણી હોવાથી અનુકરણીય હતી એમ પણ નહિ કહી શકાય. ગાંધીજીમાં સાચી ધર્મનિષ્ઠા અને વિવેકી સમચિત્તતા હતી તેથી તે પ્રાર્થના ખીચડી હોવા છતાં શોભતી. પણ એક મંદિરમાં બેસાડેલ અનેક દેવોનો શંભુમેળો એ કુતૂહલવર્ધક બને પણ ચિત્તશોધક કે ધર્મપોષક ન બને. કોઈ ફકીર માત્ર ખુદાને માનવા છતાં બિલકુલ વિવેકી, સમચિત્ત હોય તો તેનું સ્થાન અનુકરણીય ખરું. એટલે લેખક અવ્યભિચારિણી ભક્તિ વિષે કહે છે ત્યારે તેમાં વિવેકી,

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

જ્ઞાન અને સમચિત્તતાની હિમાયત છે જ. અને દેવ–સમન્વયમાં પણ જો એ તત્ત્વ હોય તો લેખકે સ્પષ્ટ કહ્યાં ન છતાં તે ગ્રાહ્ય ગણાવું જોઈએ. લેખકનો ધર્મવિકાસ થયો તે અમુક રીતે ખરું. પણ બધાનો વિકાસ કાંઈ એક જ રીતે નથી થતો. રામકૃષ્ણ ધાર્મિક હતા એમાં શંકા નથી. તેમની ઉપાસનામાં અનેકદેવનિષ્ઠા હતી અને છતાં વિકાસ થયો.

૪. ઈશ્વરનિષ્ઠાનું બળ

સત્યને વળગી રહીને જ જીવનક્રમ ચલાવવાની અને પોતાનું ધ્યેય સિદ્ધ કરવાની જે શક્તિ તે જ સત્યાગ્રહ. આમાં સાધ્ય અને સાધન વચ્ચે સંબંધ સત્યનો જ હોય છે. આ જ ઈશ્વરનિષ્ઠાનું બળ અગર અધ્યાત્મબળ છે.

૫. પરોક્ષપૂજા

માત્ર પરોક્ષનો જ મહિમા ગાવો–સ્વીકારવો એ જીવનને પાંગળું અને આંધળું બનાવે છે. ભૂતકાળના ગ્રંથો, આદર્શો કે સત્પુરુષો પ્રત્યેની શ્રદ્ધાએ વર્તમાન કાળના યોગ્ય પુરુષ પાસેથી તત્ત્વદૃષ્ટિ શીખવતાં અને વર્તમાન કર્તવ્યનું ભાન કરતાં આડે આવવું ન જોઈએ. એ પ્રાચીન શ્રદ્ધા વર્તમાન પ્રકટ પુરુષો પ્રત્યે નવે રૂપે જન્મવી જોઈએ. તો જ તેનું સંસ્કરણ થયું ગણાય, નહિ તો મરણ.

૬. ખોટી ભાવિકતા

ચાલુ જીવન વ્યવહારમાંથી કોઈ નાની જેવી બાબત પકડી લઈ તેનું જ્યારે લેખક વિશ્લેષણ કરે છે અને અંધશ્રદ્ધા તેમ જ માણસની નબળાઈ ઉપર પ્રહાર કરે છે ત્યારે તે સાચું હોવા ઉપરાંત બહુ મનોરમ પણ બને છે. એમની એ હથોટી છે. એ દૃષ્ટિવાળા લેખમાં પણ એક પ્રવાસ વખતે બનેલ ઘટનાના તાત્ત્વિક વિશ્લેષણનું મનોરમ ચિત્ર છે.

૭. ઈશ્વર વિષે કેટલાક પ્રશ્નો

આ લેખમાં ઈશ્વર અને કર્મનું જીવનમાં શું સ્થાન છે એનું વર્ણન છે અને ઈશ્વર વિષે નાસ્તિકતા પેદા કરનાર નવલેખકોની ચિમકી લીધી છે.

સંસાર અને ધર્મ

ધર્મ

૧. ધર્મનું નવનિર્માણ; ૨. નવી દૃષ્ટિ

નવી દૃષ્ટિમાં એમણે જુદે જુદે સમયે જે કાંઈ વિચાર્યું અને છણ્યું છે તેમ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચર્યું છે તેનો ટૂંકમાં પડઘો છે. એમણે તત્ત્વજ્ઞાન વિષે, સમાજ-સુધારા વિષે, જીવનના અર્થ વિષે, ઈશ્વરનિષ્ઠા વિષે કે સમ્પ્રદાયો વિષે જે કાંઈ વિસ્તારથી લખ્યું છે, તેનો સાર જ આમાં આવ્યો હોય એમ લાગે છે. એટલે નવી દૃષ્ટિવાળો લેખ સૂત્રાત્મક છે. બીજા ઘણા લેખો એનાં ભાષ્યો છે. અભ્યાસી પ્રથમ નવી દૃષ્ટિ વાંચે અને પછી તે મુદ્દા કે નિયમ પરત્વે જે અન્ય લેખો હોય તેને વાંચે તો અભ્યાસમાં, સમજણમાં સરળતા પડે. દા. ત. 'નવી દૃષ્ટિ'માં જીવનનો અર્થ નવેસર સમજવાનું કહ્યું છે. આ માટે વાચકે 'જીવનનો અર્થ' એ લેખ વાંચવો ઘટે. કર્મ વ્યક્તિગત કે સમાજગત એનો ઉત્તર 'ઈશ્વર વિષે કેટલાક ભ્રમો' એ લેખમાંથી મળે. એમ કહી શકાય કે આ લેખ નાની જીવનપોથી છે.

૩. શાસ્ત્રદૃષ્ટિની મર્યાદા

આ લેખમાં સંતદૃષ્ટિની અગર તો અનુભવની કે વિવેકશક્તિની શ્રેષ્ઠતા સ્થાપી છે, જે સામર્થ્યયોગની કોટિમાં આવે. કેમકે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. શાસ્ત્રાવલંબી દૃષ્ટિ ગમે તેવી વિદ્વત્તાવાળી હોય તોય તે પરોક્ષ છે અને આસપાસના દબાણથી કે અનુસરણથી મુક્તપણે વિચરી શકતી નથી. ગમે તેવો વિદ્વાન પણ પરંપરાને ઓળંગી નથી શકતો; જ્યારે સંતમાં એ સામર્થ્ય હોય છે. શાસ્ત્રાવલંબન લોકભક્તિમાં પરિણમે છે. તે અનુસ્રોત પ્રવૃત્તિ છે; જ્યારે સંતદૃષ્ટિ તેથી ઊલટી છે. તેમાંથી જ શાસ્ત્રો અને વિદ્વાનોને ખોરાક મળી રહે છે. લોકો સંતની દૃષ્ટિને આવકારે છે ત્યારે એમ નથી જોતા કે એણે કેટલાં શાસ્ત્રો વાંચ્યાં કે કેવો વિદ્વાન ? જ્યારે તેઓ વિદ્વાન પાસે તેની અપેક્ષા રાખે છે. શાસ્ત્રદૃષ્ટિવાળા માણસોનું આત્યંતિક સમર્થન કરીને પણ છેવટે સંતના પગમાં જ પડે છે, કેમ કે તે બંધનમુક્ત છે. આ લેખ દરેક સામ્પ્રદાયિક મનોવૃત્તિવાળા માટે ભારે મનનીય છે.

૪. શાસ્ત્રવિવેક

આમાં અનુભવ અને શાસ્ત્ર, આપ્તવાક્ય તેમ જ અનુમાન વચ્ચેનું તારતમ્ય બતાવ્યું છે, જેને નહિ જાણવાથી મૂઢતા આવે છે. આ અને શાસ્ત્રદૃષ્ટિવાળો લેખ બંને એકબીજાના પૂરક છે. બંને દ્વારા સામર્થ્યયોગનું જ મહત્ત્વ બતાવાય છે અને તે માટે યોગની અનિવાર્યતા પણ સૂચવાય છે.

૫. ધર્મસંમેલનની મર્યાદા

આ લેખમાં ધર્મસંમેલનની મર્યાદા એક સાચા સત્યાગ્રહીને શોભે એ,

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

રીતે બતાવી છે. જાણે કે ગાંધીજી એકધર્મનિષ્ઠ રહીને અનેક ધર્મો પ્રત્યે સમભાવ પોષી દરેકમાં જે મહત્ત્વનો સુધારો કરવા જીવન જીવ્યા છે, તેનું જ નિરૂપણ આમાં ન હોય? ખરી રીતે ગૂઢ અને વિવિધ સમસ્યાઓનો ખાસ કરી સર્વધર્મસમભાવને લગતી સમસ્યાઓનો ઉકેલ કરવો હોય તો તે માત્ર કલ્પનાથી નથી થઈ શકતો, પણ એ પ્રકારનું કોઈ જીવન જીવ્યો હોય અને એવા જીવનનો આખો પટ નિહાળ્યો હોય અને પોતે પણ પછી એમાં હૃદયથી રસ લેતો થયો હોય તો જ આવો ઉકેલ સ્પષ્ટપણે સૂચવી શકાય છે; કેમકે એક બાજુથી તેણે બીજાનું એવું જીવન નિહાળ્યું હોય છે અને બીજી બાજુથી તેણે પણ એ માર્ગમાં રસ લઈ અનુભવ સાધ્યો હોય છે. આ જ કારણથી વર્તમાનની પેઠે અતીત ઘટનાઓ પણ સામે હોય તેમ લાગે છે. આ લેખમાં લેખક તેવું જ નિરૂપણકૌશલ દર્શાવે છે.

૬. સંકલ્પસિદ્ધિ

સંકલ્પસિદ્ધિના નિરૂપણ દ્વારા તો કર્મના કાયદાનું જ નિરૂપણ કર્યું છે, તે અનુભવસિદ્ધ હોવાથી તાદૃશ છે. એ વિચાર એમણે સાધના દરમિયાન કર્યો હશે.

૭. જપ

જપ વિષે જે લખ્યું છે તે તેમણે અનુભવ્યું જ છે. પ્રાચીન સાધકોનો અનુભવ તો હતો જ. બાપુના જપે સૌને બતાવી આપ્યું કે તે કેવો ચિત્તની સ્થિરતા, ધ્યેયની સ્મૃતિ અને સંકલ્પની સિદ્ધિમાં ઉપયોગી છે. છેવટે પણ 'રામ' એ જ નામે તેમને સમાહિત ચિત્તે મરણને આવકારવા પ્રેર્યા.

પણ આ લેખમાં જે જંગલનો અને સ્ટોરહાઉસનો દાખલો છે તે ચિત્તગત નાના–મોટા અસ્તવ્યસ્ત અને ચંચલ–અચંચલ, સારા–નરસા સંસ્કારો કે સંકલ્પોનો હૂબહૂ ચિતાર આપે છે અને દરેકને પોતાનું મન સાક્ષાત્ જેવું કરવામાં મદદ આપે છે. ખરી રીતે આધ્યાત્મિક સાધનામાં ઉપયોગી મનાતી જપ જેવી વસ્તુઓને લેખક દરેક ક્ષેત્રમાં ઉપયોગી થઈ પડે એવી જાતનો ખુલાસો કરે છે. આવું વિશ્લેષણ, વિશદીકરણ, અને વ્યાપકીકરણ ભાગ્યે જ અન્યત્ર હશે.

૮. यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ।

કર્મ અને ધર્મ વચ્ચે ભેદ નથી માન્યો એ બરાબર છે. કેમ કે ધર્મ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુદ્ધિથી જ કરાય તે કર્મ એ વ્યાખ્યા સારરૂપ છે. વળી ચિત્તશુદ્ધિ અને તે માટેના યમ-નિયમ, ભાવના આદિ દ્વારા જીવન એ લક્ષ્ય હોય તો આત્મ-સાક્ષાત્કાર વગેરે હશે તો આપોઆપ સિદ્ધ થઈ જશે; અન્યથા સ્વરૂપનિષ્ઠા તો થશે જ.

૯. બ્રહ્મચર્ય અને અપરિગ્રહ

બ્રહ્મચર્ય પાળતો પણ પરિગ્રહી દેખાય છે. મર્યાદિત બ્રહ્મચર્ય હોય છતાં અપરિગ્રહી હોઈ શકે; બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વચ્ચે કારણ-કાર્યભાવ નથી. પણ અપરિગ્રહની દૃષ્ટિએ બ્રહ્મચર્ય સ્વીકાર્યું હોય તો તે પોષક જરૂર બને. મર્યાદિત બ્રહ્મચર્યથી સંતતિ થાય તોય તે અમુક પ્રમાણમાં અપરિગ્રહનું પોષક બને છે. કેટલીક વાર અપરિગ્રહની શુદ્ધ ભાવનામાંથી બ્રહ્મચર્ય સાચી રીતે આવે છે. કેટલીક વાર શુદ્ધ બ્રહ્મચર્યની દૃષ્ટિ હોય તો અપરિગ્રહ આપોઆપ પોષાય છે. મૂળ વાત સાચી સમજણ અને વિવેકની છે.

૧૫. કમજોર સાત્ત્વિકતા

ધર્મ અને સાધનયોગ વિષે અનેક ભ્રમો પ્રવર્તે છે. તે ભ્રમો મનમાં પડ્યા હોવા છતાં જ્ઞાનથી મોક્ષ છે કે ચારિત્રથી મોક્ષ છે—એ સૂત્રને અવલંબી જ્ઞાન કે ચારિત્રસિદ્ધિનો પ્રયત્ન થાય છે. તેથી સાચું જ્ઞાન તો મળતું નથી અને માત્ર ચાલુ વ્રતોમાં જ ચારિત્રની ઇતિશ્રી સમજાય છે. તેથી જ્ઞાન, મોક્ષ, ચારિત્ર ઇત્યાદિ વિષે સાચા જ્ઞાનની જરૂર છે, અને ભ્રમ નિવારવાની પણ જરૂર છે. જ્ઞાન જેટલી જ બલ્કે તેથીયે વધારે સિદ્ધાંતને વળગી રહેવાની વૃત્તિ આવશ્યક છે. જન્મ-મરણના કાલ્પનિક ભયો એ ભ્રમ છે. જપ-તપ કે વ્રતનાં સ્થૂળ રૂપો, જો એમાં સૂક્ષ્મ વિવેક, ધૈર્ય અને સત્પુરુષાર્થ ન હોય તો, દ્રવ્યરૂપ બની જાય છે. આવા દ્રવ્યધર્મથી બચવાનું દરેક સાચા ધર્માત્માએ કહ્યું છે. જેનામાં ભાવધર્મ જાગતો હોય તેનો બધો વ્યવહાર ધર્મરૂપ જ બની જાય છે. ભાવધર્મ એટલે સૂક્ષ્મ વિવેક, તેને વધારવા અને શોધવાની ખંત, સતત જાગૃતિ અને પૌર્વાપર્યનું ભાન. વિશાળ આદર્શ પ્રમાણે જીવન જીવ્યા વિના અસંતોષનો સમાવેશ થાય છે.

૧૬. કર્મક્ષય અને પ્રવૃત્તિ

આ લેખમાં દરેક મુક્તિવાંછુ સમ્પ્રદાયને સંતોષે એવો નિવૃત્તિ-પ્રવૃત્તિ, વૃત્તિ અને પરાવૃત્તિનો ખુલાસો છે. જે કર્મ જ્ઞાન અને ચારિત્રને ઉત્તરોત્તર વિકસાવે, તેના ઉપર માઠી અસર ન કરે, તે કર્મ નિવૃત્તિકોટિમાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમ કરતાં જ્ઞાન અને ચારિત્રની એવી સ્થિતિ આવે છે કે પછી કર્મ તેના ઉપર કોઈ પણ જાતની અસર કરી શકતાં જ નથી. આ જ સ્થિતિ મોક્ષ છે.

આ લેખમાં સભાન દાન આપનાર અને સભાનપણે પામનાર વચ્ચે જે વૃત્તિભેદને કારણે ફેર બતાવ્યો છે તે જૈન પરંપરાના ગ્રન્થો સમજવામાં ઉપયોગી છે. વળી ક ખ ગ ઘ એ ચારે દાનકર્માદિ છોડી દે અને પ ફ બ ભ ચારે અન્ન ન પામે, ભૂખ્યા રહે તો ત્યાં પણ જુદી જુદી અસર દેખાય છે. એટલે પ્રવૃત્તિ કે પરાવૃત્તિમાં ફેર નથી પડતો; પણ જો કોઈ શુદ્ધ આશયથી સભાનપણે એ ચારે દાન આપે અને ચારે લે તો તેમાં કાંઈ ભેદ નહિ જણાય. ચારે લેનાર કે દેનારનાં જ્ઞાન કે ચારિત્ર ઉપર કુસંસ્કારની રજ નહિ પડે, ઊલટાં તે વધારે જળહળશે. કારણ કે એની પાછળ વિવેક, સમભાવ, કર્તવ્યબુદ્ધિ અને અનહંકાર છે. આ લેખ બહુ જ ગેરસમજ દૂર કરનારો હોવાથી સર્વોપયોગી છે, અને એ ભ્રમણાનિરાસ કરાવનારો છે. કમજોર સાત્ત્વિકતાની પેઠે આ લેખ ધર્મવર્ગમાં ચલાવવા જેવો છે, અથવા અધિકારીને વાંચવાની ભલામણ કરવા જેવો છે.

તત્ત્વજ્ઞાનના કેટલાક ગહન લેખો અમુકને માટે જ ઉપયોગી છે, જ્યારે કમજોર સાત્ત્વિકતા અને કર્મક્ષયવાળા લેખ સર્વગમ્ય જેવા છે. તેથી એ ઉચ્ચ વર્ગમાં સમજાવવા લાયક છે. આ બે અને બીજા એવા કેટલાય લેખો અમુક કક્ષાના જિજ્ઞાસુની દૃષ્ટિએ જુદા તારવી છપાવવા અને ધર્મવર્ગમાં ચલાવવા જેવા છે. એમાં સંકલ્પસિદ્ધિ અને જપ જેવા લેખોને પણ સ્થાન છે.

૧૭. ધર્મ અને તત્ત્વજ્ઞાન

આધ્યાત્મિક શોધ કરતી વખતે અંતરવલોકન, પૃથક્કરણ અને વાસના–શોધન તો સ્વપૂરતું જ–વ્યક્તિપૂરતું જ, પ્રત્યગભિમાન પૂરતું જ કરવાનું હોય છે. એ જેમ જેમ થાય તેમ તેમ વ્યક્તિત્વ કે જીવત્વ ઓસરતું જાય છે અને તેમાંથી પરિણમતો આચાર તેટલા પ્રમાણમાં વ્યાપક અને મહાયાની બને છે. અને છેવટે સર્વના કલ્યાણથી અતિરિક્ત સ્વકલ્યાણ કે સ્વમુક્તિ ભાસતી જ નથી. જો જગતના મૂળમાં એક જ ચૈતન્ય છે એમ માન્યું હોય તો કોઈ પણ મુમુક્ષુ વ્યક્તિગત મોક્ષ કલ્પી શકે નહિ. તેમાં જ સંતુષ્ટ રહી શકે. અને જો જગતના મૂળમાં અનેક ચેતન છતાં તે સમાન છે એમ માન્યું તોપણ કોઈ મુમુક્ષુ વૈયક્તિક મોક્ષનો આદર્શ સાધી સંતુષ્ટ થઈ શકે નહિ; કેમ કે તો તો તેનો સમાનતાનો સિદ્ધાન્ત જ હણાય. એકચૈતન્યવાદી હોય કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક-સમાન-ચૈતન્યવાદી હોય—બંને સાચા મુમુક્ષુ હોય તો તેણે મહાયાની થવું જ રહ્યું. એમ લાગે છે કે આ જ કારણથી મહાયાનની ભાવના ઉદયમાં આપમેળે આવી હશે. વૈયક્તિક મોક્ષનો વિચાર કાં તો ચેતનવૈષમ્યના વિચારમાંથી, કાં તો પુણ્ય-પાપકૃત સહજ અને અનિવાર્ય વૈષમ્યના વિચારમાંથી જે જાતિવાદી કર્મકાંડ ચાલેલો તેના જ અવશેષરૂપે સંભવે છે. જ્યારે મોક્ષની કલ્પના ન હતી કે નહિ હોય ત્યારે પણ લોકો પુણ્ય દ્વારા ઉચ્ચ પદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા, પણ તે પ્રયત્ન પોતા પૂરતો જ હતો. આ સંસ્કાર વારસાગત થઈ ગયો. જ્યારે મોક્ષની ભાવના દાખલ થઈ ત્યારે પણ એ જ વૈયક્તિક ઉચ્ચતાપ્રાપ્તિના સંસ્કારને લીધે વૈયક્તિક મોક્ષનું જ વલણ રહ્યું ને હજી લગી ચાલુ છે. પણ આત્મસમાનતાવાદ અગર આત્મૈક્યવાદની સાથે એનો મેળ નથી. સમાનતા અને એકતાની અનુભૂતિ તો સર્વમુક્તિ દ્વારા જ થઈ શકે. એટલે સર્વમુક્તિની દૃષ્ટિએ જ મુમુક્ષુનો આચાર-વ્યવહાર હોવો ઘટે; એ જ આદર્શ હોઈ શકે. "આપણે રીઢા વ્યક્તિવાદી બન્યા. જેને પોતાના જ હિતની વધારે ચિંતા લાગે અને જગતની બિલકુલ ન લાગે તે વધારે સાચો મુમુક્ષુ કહેવાય." (પૃ. ૧૮૮.)

એ ઉપરથી મુદ્દો એ ફલિત થાય છે કે આધ્યાત્મિક સાધના વખતે અને સિદ્ધિ પછી પ્રથમ હિનયાની માનસ નિવારવું ઘટે.

વૈષમ્યની અવસ્થા વખતે તેની આપત્તિ માટે જે કર્મવાદ વૈયક્તિક દૃષ્ટિએ વિચારાયેલો તે જ સમાનતા અને અદ્વૈતની અવસ્થા વખતે પણ તે જ રીતે વિચારવામાં આવ્યો. અને એ સામાજિક કર્મફળ ભોગવાય છે. એકનું કર્મ બીજામાં ફળ આપે છે. એ સામાજિક કર્મફળવાદ. કોઈ એકનું કર્મ માત્ર તેનામાં જ સમાપ્ત થાય છે અને બીજાને તેનો અનુભવ થતો જ નથી, આવો વિચાર તે વૈયક્તિક કર્મવાદ છે. આથી ઊલટું તે સામાજિક કર્મવાદ. **પૃ. નં. ૨૦૬, નં. ૩૬.**

અહીં જે વ્યક્તિમાત્રનો પરસ્પર અનિવાર્ય સંબંધ કહ્યો છે, કોઈ બીજાથી સાવ છૂટું ન હોવાની વાત કહી છે તે વસ્તુતઃ સાર્વજનિક કલ્યાણમય આચાર સ્થાપવાની વૃત્તિમાંથી ઉદ્ભવેલ છે અથવા એ જ તત્ત્વજ્ઞાનને આધારે સાર્વજનિક આચાર ઘડાવો જોઈએ એવું વિધાન ઇષ્ટ છે. આ તત્ત્વજ્ઞાનનો વાદ દ્રવ્ય-પર્યાયમાં, બ્રહ્મ-જીવમાં, વ્યષ્ટિ-સમષ્ટિમાં, અંશાંશીમાં છે તો ખરો, પણ તે આચારપર્યવસાયી નથી બન્યો. વૈચિત્ર્ય અવસ્થાના વ્યક્તિવાદ વિષયક

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

આચાર સામે ઉદ્ભવી શક્યો નથી. તત્ત્વજ્ઞાન આગળ વધતું ગયું, પણ વૈયક્તિક કર્મવાદ અને આચારવાદ એની સાથે મારી મચડીને બેસાડવામાં આવ્યો અથવા તેનો તે જ કાયમ રહ્યો. અત્યારે એ આગળ વધેલ તત્ત્વજ્ઞાન પ્રમાણે જ ધર્મ ઘડાવો જોઈએ.

આમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ બંનેને તદ્દન મુક્તદ્વાર કરવામાં આવ્યા છે જેથી તે જે જે સમ્પ્રદાયને આશ્રયે ઉદ્ભવ્યા હોય અગર પાછળથી વિકાસ પામ્યા હોય અને તેમાં જ રૂંધાઈ ગયા હોય તે બધા સમ્પ્રદાયોથી મુક્તિ મેળવી એકબીજાને આલિંગે, ભેટે અને સમૂહવત્ વ્યાપક બને. વળી એમાં એ પણ ઉદ્દિષ્ટ છે કે તત્ત્વજ્ઞાનનું પર્યવસાન ધર્માચારમાં જ થવું જોઈએ. જે તત્ત્વજ્ઞાન ધર્માચારમાં ન પરિણમે તેને તત્ત્વજ્ઞાન કહેવાનો શો અર્થ? અને ધર્માચાર પણ તે જ મુખ્ય હોઈ શકે જેમાં પ્રથમ માનવતાની શુદ્ધિ-વૃદ્ધિ અભિપ્રેત હોય ત્યાર બાદ જ અને તેનાથી સંબદ્ધ જ સર્વભૂતહિતનો વિચાર યોગ્ય ગણાય. માનવતાનું પૂરેપૂરું પોષણ ન થતું હોય ત્યારે સર્વ-ભૂતહિતગામી ધર્માચારો પણ શુષ્ક થઈ જાય છે.*

---

* શ્રી કિશોરલાલ મશરૂવાળા કૃત "સંસાર અને ધર્મ" ગ્રંથનું પંડિતજીએ કરેલ અનુશીલન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org